# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE : 28.02.2026** **MORNING: 7.45 TO 7.55**
**DAY : SATURDAY** **NATIONAL NEWS**

આકાશવાણી સમાચાર **કરણ મકવાણા** વાંચે છે.

********************************************************

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે અજમેર ખાતે થી 16 હજાર કરોડથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે, રાષ્ટ્રવ્યાપી HPV રસીકરણ કાર્યક્રમનો પ્રારંભ કરાવશે

**2)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતના સાણંદમાં માઇક્રોન ટેકનોલોજીની અત્યાધુનિક ATMP સુવિધાનો પ્રારંભ કરાવશે.

**3)** કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બિહારમાં ભારત-નેપાળ સરહદે આવેલા જિલ્લાઓની સુરક્ષા માટે ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠક યોજી

**4)** CBIએ દિલ્હી લીકર પોલિસી કેસમાં આપના નેતા અરવિંદ કેજરીવાલ સહિતના લોકોને નિર્દોષ જાહેર કરવાના નિર્ણયને દિલ્હી વડી અદાલતમાં પડકાર્યો.

**5)** સર્વોચ્ચ અદાલતના આદેશ બાદ ચૂંટણી પંચ આજે પશ્ચિમ બંગાળની અપૂર્ણ અંતિમ મતદાર યાદી જાહેર કરશે

**6)** ICC પુરુષ T20 વિશ્વ કપમાં , સુપર 8ની બીજી મેચમાં ઇંગ્લેન્ડે ન્યુઝીલેન્ડને 4 વિકેટથી હરાવ્યું

..........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-HPV VACCINE

પ્રધાનમંત્રી રાજસ્થાનમા 16 હજાર કરોડ રૂપિયાથી વધુની અનેક વિકાસ પરિયોજનાઓનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે. શ્રી મોદી રાજસ્થાનના વિવિધ સરકારી વિભાગોમાં નવનિયુકત 21 હજાર 800 થી વધુ યુવાનોને નિમણૂક પત્રોનું વિતરણ પણ કરશે.

પ્રધાનમંત્રી અજમેરથી 14 વર્ષની વયની કિશોરીઓ માટે રાષ્ટ્રવ્યાપી હ્યુમન પેપિલોમાવાયરસ - HPV રસીકરણ કાર્યક્રમનો પ્રારંભ કરાવશે. આ રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ દેશની જાહેર આરોગ્ય યાત્રામાં એક નિર્ણાયક પગલું છે.

આ કાર્યક્રમ હેઠળ દર વર્ષે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં 14 વર્ષની વયની આશરે 1 કરોડ 15 લાખ છોકરીઓને સામેલ કરાશે. આ રસીકરણ આયુષ્માન આરોગ્ય મંદિરો , સામુદાયિક આરોગ્ય કેન્દ્રો , ઉપ-જિલ્લા અને જિલ્લા હોસ્પિટલો તેમજ સરકારી મેડિકલ કોલેજો અને હોસ્પિટલોમાં હાથ ધરવામાં આવશે.

રસીકરણ સ્વૈચ્છિક હશે અને લાં માતાપિતા અથવા વાલીઓની સંમતિ લેવામાં આવશે.

આ અંગે પ્રસ્તૃત છે અમારા સંવાદદાતાનો એક અહેવાલ

## [VC- ANAND IN DUBBING]

ઇન્ડિયન મેડિકલ એસોસિએશન- IMAએ દેશભરમાં 14 વર્ષની કિશોરીઓ માટે મફત HPV રસીકરણના કેન્દ્ર સરકારના નિર્ણયને આવકાર્યો છે

---

# PM-GUJARAT VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ગુજરાતની મુલાકાતે આવશે. શ્રી મોદી સાણંદમાં માઇક્રોન ટેકનોલોજીની અત્યાધુનિક સેમિકન્ડક્ટર એસેમ્બલી , ટેસ્ટ અને પેકેજિંગ -**ATMP** સુવિધાનો પ્રારંભ કરાવશે. આ સીમાચિહ્નરૂપ ઘટના પ્રથમ મેડ-ઇન-ઇન્ડિયા સેમિકન્ડક્ટર મેમરી મોડ્યુલ્સના વાણિજ્યિક ઉત્પાદન અને શિપમેન્ટની સત્તાવાર શરૂઆત દર્શાવે છે.

આ પ્રસંગે કેન્દ્રીય ઇલેક્ટ્રોનિક્સ અને માહિતી ટેકનોલોજી મંત્રી અશ્વિની વૈષ્ણવ પણ હાજર રહેશે. પ્રસ્તુત છે અમારા સંવાદદાતાનો એક અહેવાલ

## બાઈટ – અર્પણા ખુંટ

---

# PM SUMMIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું , ભારતે છેલ્લા ૧૧ વર્ષમાં તેની શક્તિ અને ક્ષમતાઓ ઓળખી કાઢી છે , અને તેમની સરકાર તેને સાકાર કરવા માટે અથાક મહેનત કરી રહી છે.

નવી દિલ્હીમાં આયોજિત એક કાર્યક્રમને સંબોધન કરતાં શ્રી મોદીએ કહ્યું કે વિવિધ દેશો ભારત સાથે વેપાર કરારોને અંતિમ સ્વરૂપ આપવા આગળ આવી રહ્યા છે. શ્રી મોદીએ ભાર મૂક્યો કે વિકસિત દેશો ભારત સાથે વેપાર કરાર પર હસ્તાક્ષર કરવા આતુર છે.

## બાઇટ - PM-TRADE-DEALS

તેમણે કહ્યું કે આજે સમગ્ર વિશ્વમાં ભારત જે પણ પગલાં લે છે તેનું નજીકથી નિરીક્ષણ અને વિશ્લેષણ કરવામાં આવે છે.AI સમિટ તેનું સ્પષ્ટ ઉદાહરણ છે.

---

## HM-MEETING-BIHAR

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ગઈકાલે બિહારમાં ભારત-નેપાળ સરહદે આવેલા સરહદી જિલ્લાઓ સંબંધિત સુરક્ષા સંબંધિત મુદ્દાઓનું મૂલ્યાંકન કરવા એક ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરી.

સૂત્રોના જણાવ્યા અનુસાર , બેઠકમાં સરહદ વ્યવસ્થાપનને મજબૂત બનાવવાની અને ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે વધુ સતર્કતા રાખવાની જરૂરિયાત પર ભાર મૂકાયો. ગૃહમંત્રીએ ગેરકાયદે બાંધકામો , ખાસ કરીને જંગલ અને નિર્જન વિસ્તારોમાં, સામે શૂન્ય-સહિષ્ણુતા નીતિનો કડક અમલ કરવાનો અને અતિક્રમણોને તાત્કાલિક દૂર કરવાનો આદેશ આપ્યો હતો.

---

## CBI-EXCISE CASE

દિલ્હી લીકર પોલિસી સંબંધિત કેસમાં આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ, મનીષ સિસોદિયા અને અન્ય લોકોને નિર્દોષ જાહેર કરવાના નિર્ણયને

કેન્દ્રિય અન્વેષણ બ્યૂરો-**CBI** એ દિલ્હી વડીઅદાલતમાં પડકાર્યો છે. ટ્રાયલ કોર્ટે આદેશ આપ્યાના થોડા કલાકો પછી આ પગલું લેવામાં આવ્યું છે.

ટ્રાયલ કોર્ટે આ કેસમાં અરવિંદ કેજરીવાલ , મનીષ સિસોદિયા અને કે કવિતા સહિત તમામ **23**ને નિર્દોષ જાહેર કર્યા છે. સીબીઆઈએ જણાવ્યુ છે કે ટ્રાયલ કોર્ટે તેના આદેશમાં તપાસના ઘણા મહત્વપૂર્ણ પાસાઓની અવગણના કરી છે અને સામગ્રી પર પૂરતો વિચાર કરવામાં આવ્યો નથી.

---

# WB-VOTER LIST

સર્વોચ્ચ અદાલતના આદેશ બાદ ચૂંટણી પંચ આજે પશ્ચિમ બંગાળની અપૂર્ણ અંતિમ મતદાર યાદી જાહેર કરશે. આ યાદીમાં એવા મતદારોના નામ પણ હશે જેમની ઓળખ સર્વોચ્ચ અદાલતના આદેશ પર ચકાસવામાં આવી હતી. મુસદ્દા યાદીમાં સામેલ **7** કરોડ **8** લાખ મતદારોના નામ અંતિમ યાદીમાં સામેલ રહેશે.

જોકે, આ યાદીને વિવિધ શ્રેણીઓમાં વિભાજિત કરવામાં આવશે. જેમની અરજીઓ મંજૂર કરવામાં આવી છે તેમના નામ સ્વાભાવિક રીતે જ શામેલ હશે. જેમના નામ બાકાત રાખવામાં આવી રહ્યા છે તેમની બાજુમાં **Delete** શબ્દ લખેલો હશે.

રાજ્યના મુખ્ય ચૂંટણી અધિકારી મનોજ કુમાર અગ્રવાલે જણાવ્યું કે આ યાદી આજે બપોર સુધીમાં ઓનલાઈન અપલોડ કરવામાં આવશે.

---

# VP-KERALAM-VISIT

ઉપરાષ્ટ્રપતિ, સી પી રાધાકૃષ્ણન, આજથી કેરલમના બે દિવસના પ્રવાસે જશે. તેઓ આજે ચાંગનાસેરીમાં સેન્ટ બર્ચમેન્સ કોલેજના શતાબ્દી ઉજવણીના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહેશે.

શ્રી રાધાકૃષ્ણન આવતીકાલે થ્રિસુરમાં દેવમથા **CMI** પબ્લિક સ્કૂલમાં ચેતના ગણાશ્રમનો શિલાન્યાસ કરશે. તેઓ તિરુવનંતપુરમમાં સેન્ટ સ્ટીફન હાઇ સ્કૂલના શતાબ્દી ઉજવણી સમારોહમાં પણ સામેલ થશે.

---

# RAJASTHAN-IAF

ભારતીય વાયુસેના દ્વારા કવાયત વાયુ શક્તિ કવાયત **2026** રાજસ્થાનના પોખરણ ફિલ્ડ ફાયરિંગ રેન્જ ખાતે યોજાઈ. આ કવાયતમાં દિવસ-રાતની સંકલિત કામગીરી સાથે વાયુસેનાની તૈયારીઓ દર્શાવવામાં આવી હતી.

ફ્રન્ટ લાઇન ફાઇટર જેટ , ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ અને હેલિકોપ્ટરે નિયુક્ત લક્ષ્યો પર ચોકસાઇપૂર્વક પ્રહાર કર્યા હતા. સુખોઈ-**30 MKI** અને **MiG-29** વિમાનોએ પોતાની ક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું.

---

# ICC T20 WORLD CUP

ICC પુરુષ T20 વિશ્વ કપમાં, ગઈકાલે કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે સુપર 8 ગ્રુપ 2 મેચમાં ઇંગ્લેન્ડે ન્યુઝીલેન્ડને 4 વિકેટથી હરાવ્યું. ન્યુઝીલેન્ડએ આપેલા 160 રનના લક્ષ્યનો પીછો કરતા, ઇંગ્લેન્ડે 19 ઓવર 3 બોલમાં 6 વિકેટે 161 રન બનાવતા તેનો વિજય થયો. પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લેતા , ન્યુઝીલેન્ડે નિર્ધારિત 20 ઓવરમાં સાત વિકેટ ગુમાવીને 159 રન બનાવ્યા હતા.

આજે, સુપર 8 ગ્રુપ 2 મેચમાં, પાકિસ્તાન પલ્લેકેલ ખાતે શ્રીલંકાનો સામે રમશે. આ મેચ સ્થાનિક સમય મુજબ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

ભારત આવતીકાલે કોલકાતાના ઈડન ગાર્ડન્સ ખાતે સુપર આઠની છેલ્લી મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે ટકરાશે. સેમિફાઇનલ મેચ 4 અને 5 માર્ચે જ્યારે ફાઇનલ 8 માર્ચે રમાશે.

---

# AFGHANISTAN-PAKISTAN ATTACK

અફઘાનિસ્તાને કહ્યું છે કે તે પાકિસ્તાન સાથે ચાલી રહેલા સંઘર્ષને વાતચીત અને રાજકીય માધ્યમથી ઉકેલવા માંગે છે. અફઘાનિસ્તાનના વિદેશમંત્રી અમીર ખાન મુત્તાકીએ તેમના સાઉદી અરેબિયાના તેમના સમકક્ષ પ્રિન્સ ફૈઝલ બિન ફરહાન અલ સઉદ સાથે ટેલિફોનિક વાતચીત કરી અને અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચેના તાજેતરના મુદ્દા અંગે ચર્ચા કરી.

---

## અને હવે આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે, સંસ્કૃતિ ભુંડિયા

- આજના અખબારોમાં અલગ-અલગ સમાચારોને મુખ્ય મથાળમાં સ્થાન અપાયું છે.
- ગુજરાત સમાચાર લખે છે કે , વર્તમાન વર્ષ માટે ભારતનો વૃદ્ધિદર અંદાજ સુધારીને 7.6 ટકા કરાયો.
- સંદેશ લખે છે કે , તમામ ગ્રોથ અનુમાનોને પાછળ રાખી , ત્રીજા ત્રિમાસિકમાં 7.8 ટકા આર્થિક વૃદ્ધિદર.
- દિવ્ય ભાસ્કર અને નવગુજરાત સમય લખે છે કે , શરાબ કૌભાંડ: દિલ્હીના પૂર્વ CM કેજરીવાલ સહિત 23 નિર્દોષ.
- અને ફૂલછાબે લખ્યું છે કે , અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચે ભીષણ યુધ્ધ.
- સ્થાનિક સમાચારોમાં જોઈએ તો , મહાત્મા મંદિરમાં કાલથી ગુજરાત સેમિકનેક્ટ કોન્ફરન્સ યોજાશે - 5 હજાર 800 કરોડનો અમદાવાદ-ધોલેરા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે ખૂલ્યો , 45 મિનિટમાં પહોંચાશે - વર્ષ 2024 માં 165 અને વર્ષ 2025 માં 148 સિંહના મોત - સરકારનો દાવો: 5.83 લાખ યુવાને રોજગારી જેવા સમાચાર વાંચવા મળી રહ્યા છે.